R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
(મો).૯૮૨૫૧૬૯૩૮૯
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )
If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭
ESTD.YEAR- 23•ISSUE: 14 DATE: 06-04-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ' હું કોગ્રેસ મુક્ત ભારતનો સમર્થક નથી કે મારે ચોકીદાર બનવાની જરુર નથી, હું જન્મથી જ શિવસૈનિક છું ' : ઉદ્દવ ઠાકરે,શિવસેના પ્રમુખ



દેશભરમાં ભાજપ દ્વારા 'હું પણ ચોકીદાર' અભિયાન શરુ કરવામાં આવ્યું છે અને તેમાં ભાજપ તેમજ સાથીપક્ષોને સમાવી લેવામાં આવ્યા છે.જો કે કેટલાક સાથી પક્ષો ભાજપના આ સ્લોગનમાં સંમત નથી.ખાસ તો ભાજપના સાથીદાર શિવસેના તેના ટીકાકાર રહ્યા છે.તેમને ગળે આ સ્લોગન ઉતર્યુ નથી.સહયોગી પાર્ટી શિવસેનાના વડા ઉદ્દવ ઠાકરેએ જણાવ્યુ હતું કે મારે ચોકીદાર હોવાની જરુરત નથી. હું જન્મજાત શિવસૈનિક છું એટલા માટે શિવસૈનીક જ રહીશે.

શિવસેના ચીફ પાર્ટીના જ નેતા સંજય રાઉતે આપેલા ઈન્ટરવ્યુંમાં કહ્યુ હતું કે હું કોગ્રેસમુક્ત એજન્ડા માટે કામ કરતો નથી.વડાપ્રધાનને પાંચ વર્ષ હજુ આપવા પડશે.જો રામમંદિરના નિર્માણનું કામ ઝડપી નહી થાય તો હું અયોધ્યામાં ફરી એક વાર રામમંદિરની મુલાકાત લઈશ.શિવસેના અધ્યક્ષ ઉદ્દવ ઠાકરેએ ભાજપના આ ચોકીદાર અભિયાન પર પ્રતિક્રિયા આપતાં કહ્યુ હતું કે હું ચોકીદાર નહિ પણ શિવસૈનિક છું. તેમણે એમ પણ ઉમેર્યુ હતું કે હું કોગ્રેસ મુક્ત ભારતનો સમર્થક નથી.શિવસેના પ્રમુખના આ નિવેદનથી સૌ કોઈ એકવાર ચોંકી ગયા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રાજકીય હરિફોને દેશદ્રોહી ગણવા ઉચિત નથી : અડવાણી

ગાંધીનગરના સાંસદ અને ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાંથી બાકાત રખાયેલા ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ બ્લોગ લખ્યોછે અને પોતાની હૈયાવરાળ ઠાલવી છે. બ્લોગમાં તેમણે લખ્યું છે કે તેમના જીવનમાં પહેલો દેશ છે અને તે પછી પાર્ટી અને ત્યારબાદ તે આવે છે.હરિફ રાજકીય પાર્ટીના નેતાઓને દેશદ્રોહી કે દુશ્મન તરીકે ચીતરવા સામે પણ તેમણે ચેતવણી ઉચ્ચારી છે. બ્લોગમાં અડવાણીએ લખ્યું છે કે છઠ્ઠી એપ્રિલે ભાજપ પોતાનો સ્થાપના દિવસ ઉજવશે. ભાજપમાં આપણા સહુ માટે આ મહત્વપુર્ણ અવસર છે. આગળ જુઓ અને ભીતરમાં જુઓ.ભાજપના સંસ્થાપકોના રુપમાં મે ભારતના લોકો સાથે મારો અનુભવ વહેચવાનું કર્તવ્ય સમજ્યું છે.ખાસ કરીને મારી પાર્ટીના લાખો કાર્યકર્તાઓની સાથે. મને તેમણે ખુબ સન્માન આપ્યું છે. ભાજપ વ્યક્તિગત અને રાજકીય સ્તરે પણ નાગરિકોની સ્વતંત્રતા માટે પ્રતિબધ્ધ છે. તેમ જણાવીને અડવાણીએ લખ્યું છે કે ભાજપ હંમેશા મીડીયા સહિત તમામ લોકતાંત્રિક સંસ્થાનોની સ્વતંત્રતા,અખંડિતતા,નિષ્પક્ષતા અને મજબુતીની માંગમાં આગળ રહ્યો છે. દેશમાં રાજકીય હરિફોને દેશદ્રોહી ચીતરી શકાય નહીં.રાજકીય હરિફને દુશ્મન કહી શકાય નહીં. એમ તેમણે લખ્યું છે.વડાપ્રધાન મોદીએ અડવાણીના બ્લોગની પ્રશંસા કરીને કહ્યુ હતું કે તેમણે ભાજપનો ઉત્તમ સાર બતાવ્યો છે.મને ભાજપના કાર્યકર્તા હોવાનો ગર્વ છે કે મહાન નેતા અડવાણીએ તેને મજબુત કર્યો છે.એમ તેમણે ટ્વીટર પર લખ્યું હતું. ગાંધીનગરની જનતાનો તેમણે આભાર માન્યો હતો. તેમણે લખ્યું હતું કે મને તેમણે છ વખત ચુંટ્યો હતો.

## કોગ્રેસનુ 'જન આવાજ' ઘોષણાપત્ર 'હમ નિભાયેગે' જાહેર કરાયું ઉત્તર પુર્વમાં AFSPA માં સુધારો થશે, રાજદ્રોહ માટેની કલમ ૧૨૪ A ને રદ કરવા નાગરિકોને વચન અપાયું




પાંચ થીમ આધારિત કોગ્રેસે પોતાના ૨૦૧૯ની લોકસભા માટે જાહેર કરેલા ચુંટણી ઢંઢેરામાં ગરીબો,ખેડુતો, યુવાનો અને બેકારો માટે અનેક યોજનાઓ જાહેર કરી. માર્ચ ૨૦૨૦ થી ૨૨ સુધીમાં ૨૨ લાખ સરકારી નોકરીઓની ખાતરી આપવામાં આવી છે.વર્ષે રુ.૭૨,૦૦૦ આપીને દેશમાંથી ગરીબી નાબુદ કરાશે.કોગ્રેસે જાહેર કરેલો પોતાનો મહત્વાકાંક્ષી ઢંઢેરામાં જન આવાઝ નામ આપીને હમ નિભાયેગેનું ટાઈટલ આપ્યુ હતું.જેમાં લોકોના અવાજને વાચા આપતી પાંચ થીમને મહત્વ અપાયું હતું.ખાસ કરીને ખેડુતો,ગરીબો, બેકારો અને યુવાનોના ઉત્કર્ષ માટે અનેક વચનો આપવામાં આવ્યા હતા.ખેડુતો માટે અલગ બજેટ રજુ કરવાનો નવો અભિગમ આપવામાં આવ્યો હતો.યુવાનોને સરકારી નોકરીઓ માટે ૨૦૨૦ સુધીમાં ૨૨ લાખ નોકરીઓના સર્જનની બેકારોને ખાતરી અપાઇ છે.રોજદ્રોહ માટેની કલમ ૧૨૪એને રદ કરવા નાગરિકોને વચન અપાયું છે. જીએસટીમાં સિંગલ રેટની સિસ્ટમ દાખલ કરવા, ઉત્તરપુર્વના રાજ્યોમાં સુરક્ષાદળોને વિશેષાધિકાર આપતા કાયદા આફસ્પામાં સુધારો કરવા લોકોને વચન અપાયું છે.શિક્ષણ તથા આરોગ્ય તેમજ દેશના સર્વાંગીં વિકાસને લગતા મુદ્દાઓ આ ઢંઢેરામાં આવરી લેવામાં આવ્યા છે.

રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. અમે રાજ્યના અનુપમ ઈતિહાસ અને તેની અદ્રિતિય પરિસ્થિતઓનું સન્માન કરીએ છીએ. જેના હેઠળ રાજ્યે ભારત સાથે જોડાણ કરવાની શરતો સ્વીકારી હતી.તેના આધારે જ ભારતના બંધારણમાં આર્ટિકલ ૩૭૦ને જોડવામાં આવી હતી.દેશમાં કોગ્રેસની સરકાર આવશે તો આ બંધારણીય પરિસ્થિતિને બદલવાની પરવાનગી આપવામાં આવશે નહીં. આ અંગે કોઈ પ્રયાસ કરવામાં આવશે નહીં.બીજી તરફ કાશ્મીર પોલીસને રાજયના કાયદો અને વ્યવસ્થા જાળવવા વધારાની જવાબદારી સોપવામાં આવશે.સમાજ વ્યવસ્થા સુધારવા માટે નાગરિકોએ પસંદ કરેલા ત્રણ લોકોની સમિતિ રચીને સરકાર સાથે ચર્ચા કરવામાં આવશે.રાજ્યમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચુંટણીનું પણ આયોજન કરવામાં આવશે.ર્જાયના લોકોના કૌશલ્ય વિકાસની યોજના જેવી કે ઉડાન,હિમાયત અને ઉમ્મિદને કોગ્રેસ દ્વારા નવેસરથી લાગુ કરવામાં આવશે.

ઢંઢેરામાં અન્ય મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી તે પૈકીમાં જીએસટીમાં સિંગલ રેટની સિસ્ટમ દાખલ કરી તેને સરળ બનાવવાની, રાફેલ સોદાની તપાસ કરવાની,રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોને સંસદના દાયરામાં લાવવાની,સરકારી નોકરીઓમાં મહીલાઓને ૩૩ ટકાની અનામત,રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઇ સમાધાન નહી,નીતિ આયોગને રદ કરવામાં આવશે,મનરેગાના ફંડનો ઉપયોગ હેલ્થ સેન્ટર,ક્લાસરુમ, લાઈબ્રેરીમાં કરાશે.કષિ લોન ડિફોલ્ટર્સ સામે ક્રિમિનલ ગુનો નોધીને કેસ કરાશે નહીં.કાયદામાં સુધારા જુના કાયદા રદ કરાશે.વિગેરે

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં આજદિન સુધી થતી આવેલી ચુંટણીણોમાં રાજકીય પક્ષોના પ્રપંચો ,દાવપેચ,કાયદાની છટકબારીઓનો દુરપયોગ,અને સત્તા પર બેઠેલા સત્તાધારીઓ દ્વારા સરકારી મશીનરીઓનો દુરપયોગ જગજાહેર છે અને તેના માટે વિરોધીઓ દ્વારા ચુંટણીપંચમાં થતી ફરિયાદોનો લગભગ કોઇ ઉકેલ મળતો નથી.દેશમાં ચુંટણીઓમાં ઉમેદવારો માટે ખર્ચ કરવાની મર્યાદાઓ નક્કી કરેલી છે પરંતુ આજદીન સુધી કોઇ ઉમેદવારે ખરેખર મર્યાદામાં ખર્ચ કરીને ચુંટણી જીતી હોય તેવું બન્યું નથી.ચુંટણી પંચની આ બધી બાબતોમાં નિરર્થક કસરતો જોવા મળી છે. ચુંટણી પતી જાય પછી બધું શાંત પડી જાય છે. થોડાક કેસમાં વાદવિવાદ કે કોર્ટમાં આખરે સમાધાન થઇ જાય છે. કેટલાક કેસોમાં ચુંટણી અધિકારીઓ દ્વારા સત્તાધારીઓની તરફેણમાં પલ્લુ નમી જાય છે તેવા કેટલાક વિવાદિત કેસો બન્યા છે પરંતુ તેમાં પણ ન્યાયિક કે ઉચિત તરફેણ થતી નથી.

૨૦૧૯ની ચુંટણી એટલે વીજાણુ માધ્યમો અને પ્રીન્ટ માધ્યમો દ્વારા થતી રસાકસી.છેલ્લા કેટલાક મહિનાઓથી ચુંટણી જાહેર થાય તે પહેલાં સરકારે તેમના માનીતા અખબારોને જાહેરખબરોથી ભરી લઇને તેમની ઝોળીઓ છલકાવી દીધી.હવે ચુંટણી આચાર સંહિતા પ્રિન્ટ માધ્યમોને નડી રહી છે. પરંતુ વિજાણુ માધ્યમોનો દુરપયોગ ચાલુ છે.અને તેમાં વિશેષ પ્રસારણો કરવા પર ચુંટણી પંચ રોક લગાવી શકે તેમ નથી.

ચેનલો સબંધી નવો વિવાદ શરુ થયો છે.આ વિવાદમાં સીધી કે આડકતરી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટુકાક્ષરે શરુ થયેલી નમો ટીવી ચેનલ છે.સંખ્યાબંધ ડીટીએચ પ્લેટફોર્મ પર આ ચેનલ આપોઆપ દેખાતી થઇ છે.મતલબ કે ગ્રાહકને આ ચેનલ પસંદ કરવી છે કે નહીં તેનો કોઇ વિકલ્પ જ આપવામાં આવ્યો નથી.આ પહેલાં ટ્રાઇએ ગ્રાહકોને પોતે સિલેક્ટ કરેલી ચેનલ જોવાની છે તે નક્કી કરવાની છે. ગ્રાહકે સિલેક્ટ ના કરી હોય તેવી ચેનલ પરાણે પેકેજમાં ઉમેરી શકાય નહી.ટાટા સ્કાય દ્વારા એવું કહેવાયું કે આ એક હિન્દી ન્યુઝ ચેનલ છે જે સ્પેશયલ માર્કેટીંગના ભાગરુપે દેખાડવામાં આવી રહી છે.કોઇપણ ન્યુઝ ચેનલે સરકાર પાસેથી લાયસંસ મેળવવું જરુરી છે પરંતુ આ કેસમાં એવું થયું નથી.જ્યારે આ બાબતનો વિરોધ થયો ત્યારે સરકાર તરફથી કહેવાયું કે બધુ બરાબર છે તેને કોઇ લાયસંસની જરુર નથી.

ભાજપના નેતાઓ અને ચુંટણી સબંધિત પ્રચાર કોઇ ચોક્કસ નંબરથી દેખાડાય તો તેની સેવા મુલ્યવર્ધક કહેવાય.આ ચુંટણી ખર્ચમાં લાગુ પડે કે કેમ.પરંતુ સરકાર તરફથી ખુલાસાઓ કરવામાં આવ્યા કે સેવા એક સંપુર્ણ ચેનલ નહીં હોવાથી તેમાટે કોઇ મંજુરી લેવાની જરુર નથી.સરકારમાં બેઠેલા કેટલાક વકીલો પોતાની મનઘડત દલીલો કરીને સત્યને અસત્યમાં અને અસત્યને સત્યમાં ફેરવી નાંખવાની ઉત્સાદી ધરાવે છે તેમણે મુદ્દાને ઠેકાણે પાડી દીધો.

આ પ્રકારની વિવિધ કાયદાઓની છટકબારીઓનો દુરપયોગ કરીને શાસક પક્ષ જે કરી રહ્યો છે તે યોગ્ય તો નથીજ.રાજકીય નૈતિકતાના ધોરણો નેવે મુકાય તે માટે આજકાલના સત્તાધારીઓને મન આ તેમની વિદ્વતાની સિધ્ધિ ગણાવે છે પરંતુ તે ખરેખર યોગ્યતા માપ પ્રમાણે બિલકુલ અયોગ્ય છે તેમ ચોક્કસપણે કહી શકાય.

# દેશની સુરક્ષા ,અખંડિતતા અને સાર્વભોમત્વ માટે ટેલીફોનનું ટેપિંગ જરુરી છે : કેન્દ્ર સરકારે કોર્ટમાં જવાબ રજુ કર્યો

કેન્દ્રના ગૃહમંત્રાલયે દિલ્હી હાઇકોર્ટમાં જણાવ્યુ હતું કે કાયદાનું રક્ષણ કરતી સંસ્થાઓ દ્વારા દેશની અખંડિતતા, અને સાર્વભોમત્વ જાળવવા માટે ટેલિફોનનું ટેપિંગ કરવામાં આવી રહ્યું ચે. દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાગ અને તત્કાલિન કાયદા સચિવ સુરેશ ચંદ્રા તેમજ કેટલા વરિષ્ઠ સીબીઆઇ અધિકારીઓ સામે ગેરકાયદેસર રીતે ફોન ટેપીંગનો આરોપ લગાવતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં સરકારે શા માટે ફોન ટેપીંગ કરવામાં આવે છે તેના કારણો દર્શાવ્યા હતા. ગૃહમંત્રાલય દ્વારા દિલ્હી હાઇકોર્ટનો ચીફ જસ્ટીસ રાજેન્દ્ર મેનનની વડપણ હેઠળની બેન્ચને જણાવવામાં આવ્યુ હતું કે ઇન્ડીયન ટેલીગ્રાફ સુધારા નિયમો ૨૦૦૭ની કલમ ૪૧૯એ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે ટેલીફોન ટેપિંગની માર્ગરેખાઓની સમીક્ષા કરવા એક સિમિતિની રચના કરવાની પુરતી સત્તા તેમજ જોગવાઇ છે. આ સમિતિ ૬૦ દિવસમાં પુરેપુરી તપાસ કરશે અને તેના તારણો આપશે.

મંત્રાલયે તેની એફીડેવીટમાં જણાવ્યુ હતું કે માર્ગ રેખાઓ જાહેર કરવાના ૬૦ દિવસમાં રિવ્યુ સમિતિ દ્વારા પોતાની જાતે સુઓમોટો રીતે જરુરી તપાસ તેમજ પુછપરછ કરવામાં આવશે.અને આ માર્ગ રેખા ઇન્ડીયન ટેલીગ્રાફ એક્ટની કલમ૫(૨)ની જોગવાઇ મુજબ ઘડવામાં આવી છે કે કેમ તેના તારણો રજુ કરશે.

# ભાજપના એક વધુ સાંસદે ચોકીદાર ન કહેવાનો આગ્રહ રાખી પક્ષમાંથી રાજીનામું આપ્યું

લોકસભા ચુંટણીના મતદાનની તારીખો જેમ જેમ નજદીક આવતી જાય છે તેમતેમ કેટલાક પોતાનો પક્ષ બદલી રહ્યા છે તો કેટલાક જંગને રસપ્રદ બનાવવાની તરકીબો યોજી રહ્યા છે.નેતાઓ એકબીજાની ઉતારી પાડવા કે ટાંટિયા ખેચવાની રમતમાં રસાકસી ભરી ચુંટણી બનાવી રહ્યા છે.અગાઉ જે લોકો જીત્યા હતા તેમને ટિકીટ ન મળતાં તેઓ ભારે નારાજ છે અને પાર્ટી વિરુધ્ધ અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.મીડીયામાં પોતાને મહત્વ મળે માટે તેઓ યેનકેન પ્રકારના પ્રયત્નો આદરી રહ્યા છે.મીડીયામાં આ પ્રકારની ચહલપહલ અને નારેબાજીને મહત્વ મળી રહ્યું છે અને પેઇડ સમાચારોનું મહત્વ એકદમ વધી ગયું છે.કેટલાક નેતાઓ પોતાને ટીકિટ નથી મળી તેઓ પોતાની નારાજગી તેમના ઉચ્ચ નેતાઓને મળી રહે માટે અવનવા તરીકાઓ અજમાવી રહ્યા છે. તાજેતરમાં એક સમાચાર મુજબ એક કોગ્રેસી નેતાને ટીકીટ મળી નહી તો તેમણે પક્ષની મીટીંગ માટે પોતાના તરફથી મુકવામાં આવેલી ખુરશીઓ પાછી ખેચી લેતા મીટીંગ રદ કરવી પડી તેવી નોબત આવી.ટીકીટ નહીં તો મારી ખુરશી પણ નહીં.

હરદોઇથી ભાજપ સાંસદ અંશુલ વર્માને ટીકીટ નહીં મળતાં તેઓ નારાજ થયા અને ભાજપ છોડીને હવે અન્ય પક્ષમાં સામેલ થઇ ગયા.સૌથી રસપ્રદ બાબત તો એ બની કે તેમને ભાજપ તરફથી ટીકીટ નહીં મળતાં આ સાંસદે તેમનું રાજીનામું લખનો સ્થિત ભાજપના કાર્યાલયની બહાર બેસતા ચોકીદારને પકડાવી દીધું.આમ કરીને પાર્ટી સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે.તેમણે રાજીનામું આપતાં પહેલા કહ્યુ હતું કે જો વિકાસ જ માપદંડ હોય તો મે કામ કર્યું છે. મારો દોષ બતાવવો જોઇએ.આજે કોઇપણ પાર્ટીના જવાબદાર નેતા મળવા તૈયાર નથી. મારો ગુને એટલો છે કે મે મારા સમાજ માટે અવાજ ઉઠાવ્યો છે.ભાજપ કાર્યાલયના ચોકીદારને પોતાનું રાજીનામું સોપવાના સવાલ અંગે તેમણે કહ્યુ હતું કે આજકાલ તો સૌથી જવાબદાર તો ચોકીદાર જ છે તો મે વિચાર્યું કે તેનેજ મારુ રાજીનામુ આપવું. ધનકુબેર ચોકીદારને રાજીનામું આપવાનો કોઇ અર્થ નહોતો. ભાજપે તેના બે સીનીયર મોસ્ટ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને ટિકિટ આપી નથી. તેમની પાસે એવું કહેવડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે આ વખતે અમે ચુંટણી લડવાના નથી.જો કે મુરલી મનોહર જોશી આ રીતને એક્સપોઝ કરી નાંખી હતી. તેમણે તેમના મતક્ષેત્રમાં આ બાબતની જાણકારી આપી દીધી. સુષમા સ્વરાજે પોતાની તબિયતને અનુકુળ નથી કહીને સંન્યાસ સ્વીકારી લીધો છે.હવે માત્ર બેજ નેતાઓની ઉપર પક્ષ આધારીત છે બાકી બધા ચુંટાશે તે ચેલાઓએ ગુરુના આદેશો સ્વીકારવાના જ રહેશે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ગરવી નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

**માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)**

| | |
|---|---|
| ૧.પ્રકાશન સ્થળ | :૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૨.પ્રકાશનની સામાયિકતા | : સાપ્તાહિક |
| ૩.માલિક,મુદ્રક,પ્રકાશક | : રોબિન જે. ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૪.તંત્રીનુ નામ | : પ્રશાંત આર.ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૬-૪-૨૦૧૯
સ્થળ:અમદાવાદ.

રોબિન જે.ધોળકીયા
માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

# ભારતે અંતરિક્ષમાં સેટેલાઇટ તોડી પાડતો મિશન શક્તિ કાર્યક્રમ સફળ બનાવતાં અંતરિક્ષ ક્ષેત્રે ચોથો શક્તિશાળી દેશ બન્યો

ભારતે એન્ટી સેટેલાઈટ મિસાઈલની મદદથી અંતરિક્ષમાં રહેલા સેટેલાઈટને તોડી પાડવાની મહારત હાંસલ કરી લીધી છે.વડા પ્રધાને તેની જાહેરાત કરી હતી.આ પ્રકારનું શસ્ત્ર ધરાવતો ભારત દેશ વિશ્વમાં ચોથા નંબરે આવશે.ભારત હવે રશિયા,અમેરિકા અને ચીન બાદ અંતરિક્ષ ક્ષેત્રે ચોથો શક્તિશાળી દેશ બની ગયો છે.લાઈવ સેટેલાઈટને લક્ષ્ય બનાવીને એન્ટી સેટેલાઈટ શસ્ત્ર એ-એસએટીને તોડી પાડ્યો હતો.આ સમય ભારતના વિજ્ઞાનીઓ માટે ગૌરવ અનુભવવાની ઘડી હતી.આમ ભારતની અંતરિક્ષમાંથી સેટેલાઈટ દ્વારા જાસુસી કરવી દુશ્મન દેશોને મોંઘી પડશે.

ભારતીય વૈજ્ઞાનિકોએ ૩૦૦ કીલોમીટર દુર લો અર્થ ઓર્બિટના એક સેટેલાઈટને નષ્ટ કર્યો હતો. ભારત દ્વારા જે સેટેલાઈટને ટાર્ગેટ કરવામાં આવ્યો તે પુર્વ નિર્ધારિત લક્ષ્ય હતું.આ લક્ષ્યને એ સેટ મિસાઈલ દ્વારા નષ્ટ કરાયું હતું.મિશન શક્તિ એક અત્યંત મુશ્કેલ મિશન હતું. તેનાથી ભારતની ટેકનિકલ ક્ષમતામાં વધારો થયો છે.આ કામ ઈસરો અને ડીઆરડીઓઓ બંનેએ મળીને પુર્ણ કર્યુ હતું.

# કોગ્રેસની ન્યાય યોજનાના પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે ભરપુર વખાણ કર્યા



કોગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે શાશક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે ભાજપને વચનો ન પાળવા માટે હંમેશા યાદ રાખવામાં આવશે. આ સાથે તેમણે કોગ્રેસની પ્રસ્તાવિત ન્યુનતમ આય યોજના(ન્યાય)ની વિશિષ્ટતાઓ અંગે ભરપુર પ્રશંસા કરી હતી.એક પત્રકાર પરિષદમાં તેમણે કોગ્રેસની ન્યાય યોજનાની પ્રશંશા કરી હતી. તેમજ મોદી સરકાર પર આરોપ લગાવ્યો હતો કે આ સરકાર ગ્રોથના આંકડાઓ અંગે જુઠ્ઠાણું ફેલાવી રહી છે. ચિદમ્બરમે કહ્યુ હતું કે જીએસટી લાગુ કરીને પીએમ મોદીએ માઈક્રો સ્મોલ અને મીડીયમ ઉદ્યોગોનો દેશમાં સર્વનાશ કરી દીધો છે.જ્યારે લોકો ભાજપને યાદ કરશે ત્યારે તેમને મોદી સરકાર દ્વારા અપાયેલા ગ્રોથના ખોટા આંકડાઓથી આઘાત લાગશે. પુર્વ કેન્દ્રીય નાણાં મંત્રીએ કહ્યુ હતું કે ભાજપને વચનો ન પાળવા માટે યાદ રાખવામાં આવશે.બેન્ક એકાઉન્ટસમાં રુ.૧૫ લાખ જમા કરવા, ખેડુતોની આવક બમણી કરવાની વાત, નોટબંધી અને જીએસટી, આ ચાર બાબતો એવી છે કે જ્યારે પણ લોકો ભાજપને યાદ કરશે ત્યારે તેમને તે યાદ આવશે.

## જાણવા જેવું !

સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે.

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.

આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીલ,સ્વાદહીન હોય છે.

મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.

# ગુજરાતની લોકસભાની ભાજપની ૧૬ સીટો જાહેર કરાઇ તેમાં ૧૪ સાંસદોને રીપીટ કરાયા : સીનીયર મોસ્ટ અડવાણીને ફરીથી લડવાની તક ન અપાઇ

ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પૈકી ભાજપે ૧૫ સીટો જાહેર કરી તેમાં ૧૪ જુના સાંસદોને ફરીથી તક અપાઈ છે. જ્યારે ગાંધીનગરથી ચુંટાતા ભાજપના સીનીયર મોસ્ટ વડીલ લાલકૃષ્ણ અડવાણીને ફરીથી લડવાની તક અપાઈ નથી.અને તેમની દાવેદારીને હાલની નેતાગીરીએ અવગણી છે.સુરેન્દ્ર નગરની સીટ પરથી ચુંટાયેલા દેવજી ફતેપુરાને પણ તક નથી અપાઈ તેમના સ્થાને ડો. મહેન્દ્ર મુંજપુરાને ટીકીટ અપાઈ છે.

ભાજપે અત્યાર સુધીમાં ૨૬માંથી ૧૬ ઉમેદવારના નામો જાહેર કરી દેવાયા છે જ્યારે ૧૦ મતક્ષેત્ર માટે ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા નથી.કેટલાક મત વિસ્તારો માટે ઉમેદવારો નક્કી કરવામાં ગડમથલ ચાલી રહી છે પરંતુ તેના માટે નજીકના ભવિષ્યમાં ઉમેદવારો નક્કી કરી દેવાશે.કેટલાક જ્ઞાતિગત પરિબળોને કારણે ઉમેદવારો નકકી થઈ શક્યા નથી..બનાસકાંઠા, પાટણ,મહેસાણા અને અમદાવાદ પુર્વ માટે કોગ્રેસના ઉમેદવારો જાહેર થયા બાદ ભાજપ તેમના ઉમેદવારોનું લીસ્ટ જાહેર કરે તેવી સંભાવના છે.

# મીનીમમ ઇન્કમની ગેરંટી કોગ્રેસની ગરીબી પર સર્જીકલ સ્ટ્રઇક : રાહુલ ગાંધી



કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે લઘુત્તમ આવકની બાંયેધરી કોગ્રેસ પાર્ટીની ગરીબી પર સર્જીકલ સ્ટ્રાઈક છે.કોગ્રેસની આ યોજના અમલમાં મુકાયા બાદ ૨૦૧૯પછી ભારતમાં કોઈ ગરીબ નહીં રહે. ભાજપે ગરીબોને જ ખતમ કરવાનો પ્રયત્ન કર્યો ચે પરંતુ અમે ગરીબી ખતમ કરી નાંખીશું.

રાજસ્થાનની એક જનસભાને સંબોધિત કરતાં તેમણે મોદી સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે યુપીએના શાશનમાં જે લોકોને ગરીબી રેખામાંથી ઉપર લાવવામાં આવ્યા હતા તેમને મોદી સરકારે ફરી એક વાર ગરીબીમાં ધકેલી દીધા છે.

વાસ્તવિકતા એ છે કે ૨૧મી સદીમાં ભારતમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે જે આપણા માટે ચિંતાનો વિષય છે. છેલ્લા પાંચ વર્ષમાં ભાજપે અમીરોને નાણાંની લહાણી કરી છે. પરંતુ કોગ્રેસ મિનિમમ ગેરંટી ઈન્કમ યોજનાનો અમલ કરી ગરીબોને નાણાં આપશે. ભાજપના નેતાઓ સવાલ કરે છે કે અમે મિનિમમ ઈન્કમ ગેરંટી યોજનાના અમલ માટે નાણાં ક્યાથી લાવીશું.એમપી અને રાજસ્થાનમાં અમે જેમ કૃષિ લોન માફ કરી તેવી રીતે ગરીબો સુધી નાણાં પહોચાડીશું.

રાહુલે જણાવ્યુ હતું કે પીએમ મોદી કહે છે કે તેઓ ચોકીદાર છે તેઓ એમ નથી કહેતા કે તેઓ કોના ચોકીદાર છે. તમે કોઈ ખેડુતના ઘરમાં ચોકીદાર જોયો છે? હા અનિલ અંબાણીના ઘેર ચોકીદાર ની લાઈન હોય છે. નરેન્દ્ર મોદીએ તેમને એ નથી કહ્યું કે તેઓ તમારા ચોકીદાર છે.પરંતુ અનિલ અંબાણી અને નિરવ મોદી જેવા લોકોના ચોકીદાર જરુર છે.

શત્રુઘ્નસિંહાએ રાહુલની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે આ પરિસ્થિતિનો માસ્ટર સ્ટ્રોક છે.

# ભાજપની ખોટી નીતિઓથી કંપનીઓને નુકશાન : ચિદમ્બરમ પુર્વ નાણાં મંત્રી



કોગ્રેસના વરિષ્ઠ નેતા અને પુર્વ નાણાં મંત્રી પી.ચિદમ્બરમે કેન્દ્રની ભાજપની આગેવાની હેઠળની સરકારની ટીકા કરીને કહ્યુ હતું કે ખોટી નીતિઓને કારણે કંપનીઓની કમર તુટી છે.કંપનીઓએ ઈનસોલ્વન્સી પ્રક્રિયાનો સામનો કરવાનો વારો આવ્યો છે.આ ઉપરાંત તેમણે કહ્યુ હતું કે ડિફોલ્ટરો અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી વિપક્ષની જીત થઈ છે. તેમણે કહ્યુ કે કોગ્રેસના ચુંટણી ઢંઢેરામાં એનપીએ સબંધિત દરેક મામલામાં એકજ રીત અપનાવવાના ભાજપ સરકારના વલણની પણ ટીકા કરવામાં આવી હતી.ભાજપ સરકારની ખોટી નીતિઓને કારણે પોલાદ,કોલસો,વીજળી કંપનીઓની કરોડરજ્જુ તુટી ગઈ છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુ્યટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભારતે મહાન ઉપલબ્ધી મેળવવા માટે કરેલા અભિયાન અને ચુંટણીલક્ષી પ્રચાર માટે જેનો બેહદ ઉપયોગ કરાયો તે બ્રહ્માસ્ત્રે તોડેલા ઉપગ્રહના ભંગારથી સ્પેશ સ્ટેશન સામે જોખમ સર્જાયું છે : નાસા

નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેશ એડમિનીસ્ટ્રેશન(નાસા)ના વડાએ ભારત દ્વારા કરાયેલી સ્પેશ સ્ટ્રાઈકને ભયાનક બાબત ગણાવી છે. નાસાના વડા જિમ બ્રિડનસ્ટાઈને જણાવ્યુ હતું કે ભારતે અંતરિક્ષાની લોઅર ઓર્બિટમાં મિસાઈલ દ્વારા તોડી પાડેલા સેટેલાઈટને કારણે ભંગારના ૪૦૦ ટુકડા ભ્રમણકક્ષામાં સર્જાય છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશન અને તેમાં રહેલા અંતરિક્ષયાત્રીઓ માટે નવા ભય સર્જાયા છે.ભારતના પરીક્ષણ બાદ જિમે નાસાના કર્મચારીઓને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે અમે હજુ ભંગારના બધા ટુકડા શોધી શક્યા નથી. અમે અત્યારે શોધી શકાય તેવા ભંગારના મોટા ટુકડાઓની શોધ ચલાવી રહ્યા છીએ. અમે ૧૦ સેમી અથવા તેથી મોટા ટુકડાની વાત કરી રહ્યા છીએ.અત્યાર સુધીમાં અમે ભંગારના આ પ્રકારના ૬૦ ટુકડા શોધી કાઢ્યા છે.ભારતે ૩૦૦ કીમી.ના અંતરે આવેલી ભ્રમણકક્ષામાં મોટાભાગના ઉપગ્રહો અને આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનોની નીચે આ સેટેલાઈટ તોડી પાડ્યો હતો.જિમે જણાવ્યુ હતું કે ભંગારના ૨૪ ટુકડા આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનથી પણ ઉપર ગયા છે.

જિમે જણાવ્યુ હતું કે આ ઘણી ભયાનક બાબત છે.ભારતે કરેલા પરીક્ષણના કારણે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનથી પણ ઉપર સુધી આ ભંગારના ટુકડા ગયા છે. આ પ્રકારની પ્રવૃત્તિ ભવિષ્યની માનવ સ્પેશ ફ્લાઈટ સાથે મેળ ખાતી નથી.આ તદન અસ્વીકાર્ય બાબત છે અને નાસાએ ભારત દ્વારા કરાયેલા પરિક્ષણની કેવી અસરો થઈ શકે છે તે અંગે સંપુર્ણ સ્પષ્ટતા કરવાની જરુર છે.બીજી તરફ ભારતે જણાવ્યુ હતું કે આ માત્ર એક પ્રોપેગન્ડા છે. ડીઆરડીઓના પુર્વ વડા સાસ્વતે જણાવ્યુ હતું કે ભારત દ્વારા સધાયેલી પ્રગતિ અમેરિકા સીધી રીતે સ્વીકારી શકતું નથી.તેથી આવી વાતો કરે છે. આ તેની પધ્ધતિ છે. આપણા એએસએટી દ્વાર જે ઓબ્જેક્ટ તોડવામાં આવ્યો છે તેમાં એટલી ગતિ જ નથી કે તેઓ લાંબા સમય સુધી અવકાશમાં ટકી શકે.નાશા નાહકનો ઉહાપોહ કરી રહ્યું છે.

સ્પેશ ટેકનોલોજીમાં ભારતે દુનિયાની ચોથી મહાશક્તિ તરીકે સ્થાન મેળવી લીધું છે.અમેરિકા, રશિયા, ચીન અને ભારત જેણે અંતરિક્ષમાં ભ્રમણ કરતાં ઉપગ્રહને એન્ટી સેટેલાઈટ મિસાઈલથી તોડી પાડ્યો હતો. આ ભારતના અભિયાનને મિશન શક્તિ નામ આપવામાં આવ્યુ હતું.નાશા પ્રમાણે આ ભયાનક મિશન હતું.

ભારતની સ્પેશ રિસર્ચ સંસ્થા ઈન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગે. (ઈસરો)ને એ-એસએટી મિસાઈલથી ઉપગ્રહ તોડી પાડતાં માત્ર ત્રણ મીનિટ લાગી હતી.ઈસરોએ આ સિધ્ધિ સાબિત કરવા માટે મિશન શક્તિ લોન્ચ કર્યુ હતું. જે સંપુર્ણપણે સફળ રહ્યુ હતું. વાસ્તવમાં એન્ટી સેટેલાઈટ સિસ્ટમ અમેરિકા અને રશિયાએ વિકસિત કરી છે.

# ગુજરાત સરકારે જીવદયા બાબતે કચ્છના બંદરેથી નિકાસ થતાં ઘેટા-બકરાની નિકાસ પર લાદેલ પ્રતિબંધને હાઇકોર્ટે ફગાવી દીધો

કચ્છના દરિયાકાંઠે આવેલા તુણા બંદરેથી વિદેશમાં નિકાસ કરાતાં ઘેટા-બકરા પર ગુજરાત સરકારે લાદેલા પ્રતિબંધને હાઈકોર્ટે ફગાવી દીધો હતો.આ બંદરેથી ઘેટા-બકરાની નિકાસ પર પ્રતિબંધ મુકતા ૧૪ ડિસેમ્બર,૨૦૧૮ના રોજ રાજ્ય સરકારે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતું. તેની સામે નિકાસકારોએ હાઈકોર્ટમાં રીટ અરજી કરી હતી. તેના સંદર્ભમાં હાઈકોર્ટે આ જાહેરનામાને રદ કરતો હુકમ કર્યો હતો.સુપ્રીમ કોર્ટમાં જવા માટે છ સપ્તાહ સુધી હાઈકોર્ટના આ હુકમ પર મનાઈ હુકમ આપવાની સરકારની વિંનતીને પણ હાઈકોર્ટે નકારી કાઢી હતી.

ઘેટા-બકરાની નિકાસ પર પ્રતિબંધ લાદવો તે દેશની આયાત-નિકાસ નીતિના ભંગ સમાન હોવાથી સરકારના નોટીફીકેશનને નિકાસકારોએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. કચ્છ જિલ્લામાં આવેલા તુણા બંદર એક માત્ર એવું બંદર છે કે જે દિનદયાલ ઉપાધ્યાય પોર્ટ ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. બંદરેથી ઘેટા-બકરાની નિકાસ થાય છે અને તેને નિયંત્રિત કરવા અંગે કચ્છ જિલ્લા કલેકટરના હુકમને હાઈકોર્ટે નકારી કાઢ્યા પછી રાજ્ય સરકારે પશુઓની નિકાસ પર પ્રતિબંધ લાદવા માટે જાહેરનામું જારી કર્યુ હતું.ગત વર્ષે બકરી ઈદના તહેવાર પહેલા કચ્છ કલેકટરે નિકાસકારો દ્વારા પશુઓની થતી નિકાસ પશુઓ પરની કુરતા અટકાવવાના ભંગ સમાન ગણાવીને મધ્ય પુર્વના દેશોમાં નિકાસ માટેના કન્સાઈમેન્ટ અટકાવ્યા હતા.

જો કે દેશની આયાત-નિકાસ નીતિ દ્વારા જ આ ઘેટા-બકરાની નિકાસ થતી હોય છે પરંતુ કેટલાક ખાસ જ્ઞાતિના લોકો દ્વારા જ સરકાર પર દબાણ કરીને આ નિકાસ અટકાવવામાં આવી હતી.અને સરકારે પોતાને લાભકર્તા હોવાનું માનીને આ નીતિ સામે પ્રતિબંધ ફરમાવ્યો હતો. જેથી ચુંટણીઓમાં તેમને લાભ મળી શકે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# યુએસ વિઝા ફ્રોડમાં બે ગુજરાતીઓ દોષિત જાહેર થયા

અમેરિકન કોર્ટે વિઝા ફ્રોડ અને ડ્રગ અંગેની ગેરરીતીના આરોપમાં બે ગુજરાતી શખ્સો સહિત કુલ ૯ ને દોષિત માન્યા છે. આ આરોપીઓમાં મુળ ગુજરાતી અને સાઉથ કેરોલીનાના ઓરેન્જબર્ગના રહેવાસી સૌરભકુમાર પટેલ અને કન્ટુકીના ન્યપોર્ટના રહેવાસી તરંગ પટેલને વિઝા ફ્રોડ અને ષડયંત્રના આરોપમાં દોષિત ગણવામાં આવ્યા છે. આ બંને મુળ ગુજરાતી શખ્સો ઉપરાંત અન્ય સાત લો એર્ફોર્સમેન્ટ ઓફિસર્સને સાઉથ કેરોલીનાની કોર્ટે દોષિત માન્યા છે. આ દોષ સિધ્ધ થયે સૌરભકુમાર પટેલ અને તરંગ પટેલને મહત્તમ ૧૦ વર્ષી જેલની સજા થઈ શકે છે.આ બંને મુળ ગુજરાતી શક્યો યુનોનઈમિગ્રન્ટ વિઝા (યુ-વિઝા)ના નામે ફ્રોડ આચરી રહ્યા હતા.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

# ભાજપાના જાણીતા નેતા કીરીટ સૌમેયાને શિવસેનાના દબાણથી ટિકિટ આપવામાં આવી નથી

ભાજપે ઉત્તરપુર્વ મુંબઈની લોકસભાની સીટ માટે શિવસેનાની માંગણીને માન આપીને ગુજરાતી આગેવાન કીરીટ સૌમેયાને ટીકીટથી વંચિત કર્યા હતા.તેઓ જાણીતા ભાજપના આગેવાન તેમજ વર્તમાન સાંસદ પણ છે. તેમના સ્થાને મુંબઈ મ્યુની.કોર્પો.ના કોર્પોરેટર મનોજ કોટકને ટીકીટ આપવામાં આવી છે.કિરિટ સૌમેયા શિવસેનાના પ્રમુખ ઉદ્દવ ઠાકરેના આકરા ટીકાકાર રહ્યા છે.અને તેને કારણે તેમને આ સીટથી હાથ ધોવા પડ્યા છે. સોમૈયાને સ્થાને કોટકને મુકાયા છે અને તેઓ નેશનાલીસ્ટ કોગ્રેસ (એનસીપી)ના ઉમેદવાર અને પુર્વ સાંસદ સંજય દીના પાટીલનો મુકાબલો કરશે. દીના પાર્ટીલ ૨૦૧૪માં સૌમેયા સામે હારી ગયા હતા.

મુબઈની ૬ સીટમાંથી એક સૌમેયાને ડ્રોપ કરવામાં આવ્યા છે. શિવસેના સાથે થયેલી ડીલ પ્રમાણે આ નિર્ણય લેવાયો છે. કોટકનું નામ જાહેર થતાં સૌમેયાને આંચકો લાગ્યો છે કેમકે તેમણે ચુંટણી લડવા માટેની તૈયારીઓ પણ કરી લીધી હતી.સૌમેયાને ટીકીટ ના મળતાં ભાજપના પ્રવક્તા માધવ ભંડારીએ કહ્યુ હતું કે તમામ નિર્ણયો સેન્ટ્રલ પાર્લા. બોર્ડ દ્વારા લેવાય છે.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.